# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4366 તારીખ : 29/6/19

રજી. એડી. પત્ર

પ્રતિ,
દેવશંકર એમ. ઓઝા
શિવ શક્તિ, રેલ નગર-૩, શેરી નં-૫,બજરંગ વાળી, મેઈન રોડ ,
મું. પો. : રાજકોટ -360006, તા. : રાજકોટ , જી. : રાજકોટ,
મોબાઈલ : ૯૦૯૯૨૧૭૩૪૮

વિષય : ઉજાલા બલ્બ નો ખોટો ઉમેરાયેલ ચાર્જ પરત મેળવવા બાબત

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૯-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૧/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીના દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ. આભાર સહ.

આપનો વિશ્વાસુ

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, બેડીનાકા રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૧/૨૦૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૧/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: દેવશંકર એમ. ઓઝા ગામ: રાજકોટ -
રજૂઆત કરનાર: અરજદાર દેવશંકર એમ. ઓઝા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી આર.બી. પોશીયા – બેડીનાકા પેટા વિભાગીય કચેરી – રાજકોટ
નાયબ અધિક્ષક - જી.એમ.ગોહેલ – બેડીનાકા પેટા વિભાગીય કચેરી – રાજકોટ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૫-૦૬-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **દેવશંકર એમ. ઓઝા**, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :**૩૧/ક્વા-૧/૨૦૧૯-૨૦** મા જણાવે છે કે, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૮ ના વીજબીલ માં રૂ.૧૫૦/– બીલ મા ઉમેરીને આવેલ છે. ત્યારબાદ, સબંધક પેટા વિભાગીય કચેરીમા તેઓએ તા.૦૧–૧૧–૧૮, તા.૧૧–૧૨–૧૮ અને તા.૦૭–૦૨–૧૯ ના રોજ રીફંડ આપવા માટે ની અરજી કરેલ હતી. ત્યારબાદ, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી – સબંધક વિભાગીય કચેરી ને પણ પત્ર મોકલાવેલ – પરંતુ આજદિન સુધી રીફંડ મળેલ નથી. સદર રકમ વ્યાજ સાથે મેળવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૧ અરજદાર ફોરમ કમિટી મીટીગ તા.૨૫–૦૬–૧૯ ના રોજ હાજર રહેલ હતા, પરંતુ – ફોરમ સમક્ષ વધુ કોઈ રજુઆત કરેલ નથી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- બેડીનાકા સબ ડિવિઝનના ગ્રાહક શ્રી દેવશંકર એમ.ઓઝા કનેક્શન નંબર ૩૧૪૦૩/૦૩૦૮૮/૦ ની લેખિત અરજી તારીખ ૧.૧૧.૨૦૧૮ના રોજ મળેલ હતી. તેમાં દર્શાવ્યા અનુસાર ગ્રાહકે રોકડેથી ઉજાલા બલ્બ ખરીદ કરેલ ન હોવા છતાં તેમના માહે ઓગસ્ટ સપ્ટે- ૧૮ ના બિલ માં રૂપિયા ૧૫૦ ઉજાલા ચાર્જ ડેબિટ થયેલ.

3.૧ ઉપરોક્ત બાબતે – પેટા વિભાગીય કચેરી દ્વારા -નિગમીત કચેરીના પત્ર નંબર પીજીવીસીએલ/રેવ/2018-૨૦૧૯/એલટીબી/૧૩૬૬/૩.૧૦.૨૦૧૮ ની ગાઈડ લાઈન અનુસાર સદર ફરિયાદ નું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ, તેમજ બેડીનાકા – રાજકોટ દ્વારા પત્ર નંબર બીએનએસડી/૧૫ તા.૧.૧.૨૦૧૯ થી વર્તુળ કચેરીને જાણ કરેલ. જે અનુસંધાને - વર્તુળ કચેરી દ્વારા નિગમીત કચેરી ને પત્રનંબર શ.વ.ક./આવક/ઉજાલા/૨૪૮/૧૦.૧.૨૦૧૯ થી જાણ કરેલ. આમ, સદર બાબતે – એલટી બિલિંગ માં ઉજાલા બલ્બની રકમ જમા આપવા બાબતે – જે કાઈ નિર્ણય આવશે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગ્રાહક નં.–૩૧૪૦૩–૦૩૦૮૮–૦ થી વીજજોડાણ ધરાવે છે. અરજદાર ની અગાઉ ની રજુઆત તા.૦૧–૧૧–૧૮, તા.૧૧–૧૨–૧૮ અને તા. ૦૭–૦૨–૧૯ ની અરજીના અનુસંધાને – સામેવાળા દ્વારા બીલીગ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૮ માં રૂ.૧૫૦/–ઉજાલા ચાર્જીસ વસુલેલ છે. જે અરજદાર દ્વારા તેવી કોઈ વસ્તુ ખરીદેલ નથી. તેમજ, સદર બાબતે – બલ્બ, ટયુબલાઈટ કે પંખો ખરીદેલ હોય – તેવા કોઈપણ પુરાવા પીજીવીસીએલ દ્વારા ઉપલબ્ધ કરાયેલ નથી.

૪.૨ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ ના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા ફરીથી વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૮ ના વીજબીલ માં રૂ.૧૫૦/–ઉજાલા ચાર્જીસ ના હપ્તા પેટે ઉઘરાવેલ છે, જે નિયમ ને સુસંગત નથી. આ સંજોગોમાં અરજદાર પાસેથી એલઈડી બલ્બ / ટયુબલાઈટ પેટે વીજબીલ મા હપ્તા વસુલ કરાયેલ હોય, જે પીજીવીસીએલ દ્વારા સંપૂર્ણ રકમ દિવસ–૩૦ મા – અરજદાર તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પરત કરવા સુચના આપવામા આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯